શ્રી
પારશ્વનાથ છંદ ભાગ ૧ લો*

શ્રી જૈન બાંધવોના સુધારા માટે

૨૨૨૦

દોહરા.

પારશ્વનાથ પ્રતાપી છે, આપે છે આરામ;
હિતચિંતે તે નાથનું, ગિગુ ખરચે બીન દામ. ૧
બીન દામને ભાગથી, સજ્જ કમર સજ થાઓ;
આસ્તા અનુકંપા સહીત, જૈન ધર્મ ફેલાવ. ૨

પ્રગટ કરનાર
ત્રીભોવંન ઊમેદ શાહ.
લીંબડી પ્રાંત કાઠીઆવાડ.

અમદાવાદમાં
પાનકોરને નાકે [illegible]ની હવેલીમાં "સમશેર બહાદુર" છાપખાનામાં સાંકળભાઈ રાયચંદે છાપ્યો.

સંવત ૧૯૪૦——સને ૧૮૮૪

કિંમત રૂ ૦—૩—૦

૨૨૨૦

શ્રી
પારશ્વનાથ છંદ ભાગ ૧ લો*

શ્રી જૈન બાંધવોના સુધારા માટે

દોહરા.

પારશ્વનાથ પ્રતાપી છે, આપે છે આરામ;
હિતવંછો તે નામનું, વિણ ખરચ્યે બીન દામ. ૧
બીન દામને હામથી, સહુ કમર સજ થાઓ;
આસ્તા અનુકંપા સહીત, જૈન ધર્મ ફેલાઓ. ૨

પ્રગટ કરનાર
ત્રીભોવંન ઊમેદ શાહ.
લીંબડી પ્રાંત કાઠીયાવાડ.

અમદાવાદમાં
પાનકોરને નાકે બચ્યાજમાદારની હવેલીમાં "સમશેર બહાદુર" છાપખાનામાં મગનભાઇ રાયચંદે છાપ્યો.

સંવત ૧૯૪૦——સને ૧૮૮૪

કિંમત રુ૦-૩-૦

अनुंक्रमणिका.

૨૨૨૦

પારશ્વનાથ છંદ ભાગ ૧ પેહેલો *

અંતરિક્ષ પાર્શ્વનાથનો છંદ

દોહા

સરસ્વતિ માત મયાકરી, આપો અવીચલ વાણ;
પુરીશાદાણી પારર્શ્વજીન, ગાઊગુણ માણી ખાણ
અદ્ભુત કૈતિક કલિયુગે દીસે એહ અચંભ;
ધરતીથી અધર રહે, અંતરિક સ્થિર સ્થંભ; ૧
મહિમા મહિ મંડલ સબલ, દીસે અનોપમ આજ;
અવર દેવ સુતા સવે, જાગે તુંહી જીનરાજ; ૨
એક જીભ કરી કેમ કહું, ગુણ અનંત ભગવંત;
કોડ જીભા કરી કોઇ કહે, તોહી ન પાવે અંત; ૩
તું માતા તુંહીજ પીતા, ભ્રાતા તુંહીજ બંન્ધુ;
મેહેર ધરી મુઝ ઊપરે, કર કરૂણા રસ સિંન્ધૂ. ૪

કર કરૂણા કરૂણા રસ શાગર, ચરણ કમળ પ્રણમે નિત્ય નાગર;
નીર્મલ ગુણ મણી ગુણ વયરાગર, સુર ગરૂ અધીકઅછે મતી આગર; ૬
કામ કુંભ જેમ કામીત દાયક, પદ પ્રણમે સુરવર નર નાયક;
મથિત સિંદૂર મનમથ સાયક, અષ્ટ કર્મ રીપુ દળ બળ ઘાયક. ૭
નવ નિધિ રિધિ સિધી તુમ નામે, મન વંછીત સુખ સંપતી પામે.
જે પ્રભુ પદ પંકજં શિર નામે, બહુલા સુર મહિલા તસુ કામે; ૮
બહુલવશે વવહારી ભ્રાંત, વર શિર પુર વસુધા વિખ્યાત,
જીહાં રાજે જીનવર જગતાત, અંતરિક અનોપમ અવદાત; ૯

છંદ અડયલ

અવદાત જેહનો જગત જાણે ગુણ વખાણે સુર ધણી;

પ્રસાદ પ્રભુને પ્રગટ પર ભવ પામીયો સુર પદ ફ્ણી;
મહિમા વધારે વિઘ્ન નિવારે કરે શોભા અતિ ઘણી;
તુમ નામ લીનો રહે ભીનો અંતર દેવરૂ આગુણી; ૧૦
નર નાથ કોડી હાથ જોડી માન મોડી એમ કહે,
પ્રભુ નાથ ચરણે ઝુકે સરણે રહે તે પર્મ પદ લહે
અતિ જેહ ઉતકટ વિકટ સંકટ નિકટ નાવે તે વલી
ભય આઠ મોટા નિપટ ખોટા દુરથી જાયેટલી ૧૧
જે રોગ ભયંકર દુષ્ટ ભગંદર કુષ્ટ ખયન ખસ ખાસી
હરસા અંતર ગલ વલી અમગી જ્વર વિષમ જવર જાયનાશી ૧૨
દીસે અતીમાઠા વલી ત્રણ ચાઠા નાઠા જાયે તેહ
તુમ દર્શન સ્વામી શીવગતી ગામી ચામી કરસમ દેહ ૧૧
જલનિધી જલગાજે મત્હાણ ભજે વજે વાય કુવાય
થરહર તીહાં ધ્રુજે હરિહર પુજે કીજે બહુલ ઉપાય
મનમાંહી કંપે હૈહૈ જંપે કીણહી કંપ ન થાય
એણે અવસર ભાવે પ્રભુને ધ્યાવે પાવેતે સુખ થાય ૧૩
જડપે તરૂડાલા પાવક ઝાલા કાળા ધુમ કલ્લોલ
ઉછળતાં દેખી જાય ઉવેખી પંખી પડોય ડંડોલ
પંથી જન નાસે ભરીઆ સાસે ત્રાસે ધ્રુજે દેહ
પડીઆ તિણ ઠામે પ્રભુને નામે કુશળે પામે ગેહ .૧૪
ફ્ણીન આ ટોપે મણીધર કોપે લોપે જો વલી લીહ
ધસ મસતો આવે દેખી ધાવે લખ કાવે દાય છીહ
બીહે જન જાતાં દેખી રાતાં લોયણ તશ વિકરાળ
કીધ ગુણ જ્યાને પ્રભુને ધ્યાને અહીં થાએ વિશ્રાલ ૧૫
પાપે પગ ભરતાં હીંડે ફરતાં કરતાં અતિ ઉન્માદ
ગોટક જેમ છુટે અતિ આ ફુટે લૂટે નિપટ નિખાદ
વન માંહિ પડીયા ચોરે નડીયા અડવડીઆ આધાર
તેણ અવસર રાખે કુણ પ્રભુ પાંખે ભાંખે વચન ઉદાર. ૧૬

છંદ અડયલ.

મદ મત્ત મયંગળ અતુલ બળધર જાસ દરિશણ ભજએ;
કેસરીસિંહ અબીહ અતિશે મેરુસમો વડ ગજએ;
વિકરાળ કાળ કરાળ કોપે સિંહનાદ વિભુકએ,
સુખ ધામ પ્રભુ તુમ નામ લેતાં તેહ સિંહન ઢુકએ. ૧૭

ગળગાટ કરતો મદ ઝરતો કોપ ધરતો ધાવએ,
ભર રોશ રાતો અધિક માતો અતિ ઉજાતો આવએ;
ઘર હાટ તોડે બંધન છોડે માન મોડે નૃપ તણો,
તુમ નામ તે ગજ અજા થાયે વસ્ય આવે અતિ ઘણો. ૧૮

રણમાંહિ સુરા ભડે પુરા લોહ ચુરા ચૂરએ,
ગજ કુંભ ભેદે શીશ છેદે વહે લોહી પૂરએ;
દલ દેખી કંપે દીન જંપે કરે પ્રબળ પોકારએ,
તુમ નામ સ્વામી તિણે ઠામે વરતે જયજયકારએ. ૧૯

ભય આઠ મોટા નિપટ ખોટા જેગ રોટા ચૂરએ,
અશ્વસેન ધોટા તુમ પ્રસાદ મન મનોરથ પૂરએ;
મહી માંહી મહીમા વધે દીન દીન ચંદને સૂરજસમો,
જસ જાપ કરતાં ધ્યાન ધરતા પાર્શ્વજીનવર તે નમો. ૨૦

છાયા પડલ જાસ સતી કાપે આંખે તેજ અધિક વળી આપે,
પનગપતિ પ્રભુને પ્રતાપે અવિચળ રાજ કાજ થિર થાપે;
પદ્માવતિ પરચો બહુ પૂરે પ્રભુ પ્રસાદ સંકટ સવિચૂરે;

અલબલ અળગી જાયે દૂરે લક્ષ્મિ ઘર આવે ભરપુરે. ૨૧
મહિ મંડળ તું મોટો દેવ ચોસઠ ઇંદ્ર કરે તુજ સેવ,
ત્રિભુવન તારૂં તેજ બિરાજે જશ પ્રતાપ જગત્રમાં ગાજે;
કહેતાં દેશ કહુ વળી નામે પ્રભુની કીર્ત્તિ ઠામ ઠામ ઠામે,
પુર પાટણ સંખાહણ ગામે સુણતાં નામ ભવિક સુખ પામે. ૨૨

છંદ અડયલ.

અંગ વંગ કુલિંગ મરૂધર માળવો મરહટએ
કાશ્મિર હુણુ હમીર હબશશ સવાલાખ સોરઠએ;
કામરૂ કુંકણુ દમાણુ દેશે જપે તેરો જાપએ,
તિણુ દેશ અવિચળ પ્રબળ પ્રતપે પાર્શ્વ પ્રગટ પ્રતાપ એ ૨૩
લાટને કરણાટકંનડ મેદપાટમે વાત એ,
વલી નાટ થાટ વૈરાટ વાગડ વછકછ કુ સાત એ;
મલી લીંગ ગંગ ફીરંગ દેશે જપે તોરો જાપ એ, તિણુ૦ ૨૪
વલી તોડ ઓડ સગોડ દ્રાવડ ચોડ નટ મહા ભટએ,
પંચાલ ને બંગાળ બગશશ સગર બબર કોટ એ;
મુલતાન માગધ મગધ દેશે જપે તોરો જાપ એ. તિણુ૦ ૨૫
નમી આડ લાડ કુણાલ કે શિલ બહુલ જંગલ જાણીએ,
ખુરસાણ રોમ અયરાક આરબ તુરક વરત વખાણીએ;
અરૂ અથમથ વિદેશ દેશે જપે તોરો જાપ એ. તિણુ૦ ૨૬
કાશીય કેરલ અને કેકઇ સુરસેન સદીબએ,
ગંધાર ગુંજાણ ગાજણો વડીયાર ગુડ વિદંબએ;
કાણ વીરને સો વીર દેશે જપે તોરો જાપ એ. તિણુ૦ ૨૭
નેપાલ નાહલ અમલ કુંતલ અજાગી કજાગી દેશ એ.
પ્રતિકાળ ચિલણ મલય સિંહલ સિંન્ધુ દેશ વિદેશ એ;
ખસ ખાસ ચિન સિલાણ દેશે જપે તોરો જાપ એ. તિણુ૦ ૨૮
કણ વીર કાનડ કુલખ કાબીલ ચુલખ ભંગ વિભંગએ,
મલીયાર મધુ હલાર હીરમ દીંગ પીંગ વીલીંગએ;
વલીવસાણને દશાણ દેશે જપે તોરો જાપએ તિણુ૦ ૨૯

છપય છંદ.

પ્રતપે પ્રબળ પ્રતાપ પાપ સંતાપ નિવારણ,
દહ દેશ વિદેશ પ્રાત ભવિક જન સુખ કારણ;

રોગ સોગ સવી ટળે મળે મન વંછિત ભોગ,
દોહગ દુઃખ દૂરે ટળે ટળે સવી વિજોગ

સ્વર્ગ મૃત્યુ પાતાળમાં ત્રિહુ ભૂવન પ્રગટયો સદા,
પાર્શ્વનાથ પ્રતાપ તુ આવે અવિચળ સંપદા. ૩૦
અવિચળ પદ આપે થિર કરી થાપે જગ વ્યાપક જીનરાજ,
ઉપદ્રવ્ય સવી જાયે સુર ગુણ ગાયે વશ્ય થાયે નરરાજ;
દ્વીપેપર દીપે રીપુને ઝીપે દીપે જેમ દીનરાજ,
પદ પંકજ પુજે પ્રભુને રીઝે સીઝે વંછીત કાજ. ૩૧
તું છે મુજ લાયક હું તુજ પાયક લાયક તુજ સમાન,
ગુણછે જગમાહી સાહિબ બાંહી રાખે આપ સમાન;
તુંહીજ તે દીશે વિશવા વિશે હઇડું હીશે હેવ,
દેખુ હું નયણે જંપુ વયણે નીર્મળ ગુણ માગી મેવ. ૩૨
સિંધુર સુંડાલા મદમતવાલા ડુંડાલા દરબાર,
ઝુલે મન ગમતા રંગે રમતા ઉચ્છલતા ગજભાર;
તુરકી તેજાલા આગલ પાલા ઝુઝાલા તરવાર,
જાલીને દોડે હોડા હોડે જોડે બહુ પરીવાર. ૩૩
હયવર પાખરીઆ રથ જોતરીઆ ઘુઘરનાં ઘમકાર,
શોવન ચીતરીઆ નેજા ધરીઆ પરવરીઆ અશવાર;
ગજ બેડા ચાલે રિપૂ મન સાલે ભાલે લક્ષિશાર,
એહવી રૂદ્ધિ પામે પ્રભુને નામે સફળ કરે અવતાર. ૩૪

આર્યા છંદ.

અવતાર સાર સંસાર માંહી તેહ નરનો જાણીએ,
ધન કમાઇ ધર્મ થાનક તેહની લક્ષ્મી માનીએ. ૩૫

દોહો.

સુંદર રૂપ સોહામણો, શ્રવણે સુંણી નરનાર;
હોડી કર જોડી કહે, દરશણને દેદાર. ૩૬

નારાચ છંદ.

પ્રિયું ગુવંગ નિલંતન દખી મન મોહએ,
શનુર નુર સુરથી અધીક જોતી જોહુએ;
અમંદચંદ વૃદયેં કલા કલાપ દીપએ,
સુરેંદ કોટી કોટુયે જીણંદ જોરજીપએ; ૩૭
અભુન્ન ફુલ બાનયે કબાન તોન લગએ,
દુજોધ ક્રોધ જોધયે વયરી માન છોડી ભગએ;
અદીન તુસું દીન બંધુ દહ્ની મુખ ભગએ,
સરણુ જાણુ સ્વામી કે ચરાણુ કુવી લિંગએ. ૩૮
સુજોતી મોતી જોતીયે સુદંતી મંતી દીપએ,
ગુલાલ લાલ ઊષ્ઠયે પ્રતાલ ભાલ છીપએ;
શુવાશ વાશ શ્વાશયે કપુર પુર ભજએ,
પ્રલંભ બંભ બાહુયે મૃનાલ નાલ લજએ. ૩૯
અનુપ રૂપ દખીયે જીણંદ ચંદ પાશએ,
પદાર વિંદ વૃદયે કુપાપ વ્યાપ નાશએ,
દાલિદ્ર દુર ચુર પ્રભુ પૂર મેરી આસએ,
આનાથ નાથ દેઈ હાથ કરે સનાથ દાસએ ૪૦
કમઠ હઠ ગંજણો કુકર્મ મર્મ ભંજણો,
જગત જના રંજણો મદ ધ્રુસમ પ્રભંજણો;
કુમતિ મતી મજણો નયન યુગ્મ રંજણો,
જગત્ર અગંજણો શોજયો પાર્શ્વનીરંજણો. ૪૧

દોહા.

પાશહ એહ નીજ દાશની, અવધારો અરદાસ;
નયણે દખાડી દરશણ, પુરાસ પુરો આસ. ૪૨
ચકવા ચાહે મીતશુ, દીનકુર દરીશણ દવ;
ચતુર ચકોર ચંદ જીમ, હું ચાહુ નીત મેવ. ૪૩

નીશભર સુતા નીંદમે, દીઠું દરીશણ આજ;
પ્રતક્ષ દેખાડી દરશણ, સફળ કરો મુજ કાજ. ૪૬
તુમ દરીશણ સુખ સંપદા, તુમ દરીશણ નવ નીધ;
તુમ દરશણથી પામીએ. સકળ મનોરથ શીધ. ૪૭

છંદ અડયલ

અંતરિક પ્રભુ અંતરજામી, દીજે દરશણ શીવ ગતી ગામી;
ગુણ કેતા કહીએ તુમ સ્વામી, કહીતાં સરસ્વતિ પાર ન પામી,૪૮
કીધો છંદ મંદ મતી સારૂ, હિત કરી ચીતમે ધરજો વારૂ,
બાલક જદવા તદવા બોલે, માતાને મન અમૃત તોલે. ૪૯
કીયો કવીત ચીતને ઉલ્લાશે, સાંભળતાં સર્વ કષ્ટજ નાશે,
શંપદ શંઘલી આવે પાશે, ભાવ વિજય ભક્તિ ઇમ ભાશે. ૫૦

કળશ.

કીઓ છંદ આનંદ વૃંદ મન માહી આણી,
સાંભળતાં સુખ કંદ ચંદ જીમ શીતળ વાણી;
શ્રીવિજય દેવં ગુરૂ રાજ કાજ ગણધર રાજે;
શ્રીવિજય દેવ નામ કામ સરૂપ વીરાજે,
ગણધર દાચ પ્રણમી કરી, થુણ્યો પાશ અશરણં શરણ,
ભાવ વિજય વાચક ભણે, જયો દેવ જયજય કરણં. ૫૧

ચિંતામણી પાર્શ્વનાથનો છંદ.

કલ્પવેલ ચિંતામણી, કામ ધેનું ગુણ ખાણ;
અલખ અગોચર અગમ ગતિ, ચિદાનંદ ભગવાન. ૧
પરમ જોતિ પરમાત્મા. નિરાકાર કિરતાર;
નિર્ભયરૂપ જોતીશરૂ, પુરન બ્રહ્મ અપાર. ૨

અવિનાશી સાહેબની. ચિંતામણી શ્રી પાસ;
અરજ કરૂ કર જોડકે. પુરો વછીત આશ. ૩
મન ચિંતિત આશા ફળે, સકળ સીધવે કામ,
ચિંતામણીકો જાપ જપ, ચિંતાહુર એ નામ. ૪
તુમ સમ મેરે કો નહીં, ચિંતામણ ભગવાન;
ચેતનકી એહ વિનતી, દીજે અનુભવ જ્ઞાન. ૫

ચોપાઈ.

પ્રાણત દેવ લોકથી આએ, જન્મ વણારશી નગરી પાએ;
અશ્વસેન કુલ મહાણ સ્વામી, ત્રિહું જગકે પ્રભુ અંતરજામી. ૬
વામા દેવીમાતા કે જાયે, લંછન નાગ ફણી મણી પાએ;
શુભ કાયા નવ હાથ વખાણો, નીલ વરણ તન નિર્મળ જાણો. ૭
માનવ જક્ષ સેવે પ્રભુ પાય, પદમાવતિ દેવી સુખ કાય;
ઇંદ્ર ચંદ્ર પાર્શ્વ ગુણ ગાવે. કલ્પ વૃક્ષ ચિંતામણ પાવે. ૮
નીત સમરો ચિંતામણ સ્વામી. આશા પુરે અંતરજામી;
ધન ધન પાર્શ્વ પુરિસાદાણી, તુમ સમ જગમે કો નહીં ધ્યાની ૯
તુમારો નામ સદા સુખકારી, સુખ ઊપજે દુખ જાય વિસારી;
ચેતનકો મન તુમારે પાશ, મન વછોત પુરા પ્રભુ આશ. ૧૦

દુહા.

ઓ ભગવન ચિંતામણી, પાર્શ્વ પ્રભુ જીન રાય;
નમો નમો તુમ નામકો, રોગ સોગ મીટ જાય. ૧૧
વાત પીત દુરે ટળે, કફ નહીં આવે પાસ;
ચિંતામણ કે નામતે, મીટે સાસ અખકાશ. ૧૨
પ્રથમ દુસરો તિસરો, તાવ ચોથીઓ જાય;
શુલ બહુતર દુર રહે, દાદ ખાજ નર હોય. ૧૩
વીશ ફોટક ગડ ગુમડાં. કોડ અઢારે દૂર,
નેત્ર રોગ સબ પરિ હરે, કંઠમાળ ચકચૂર. ૧૪

ચિંતામણિ કે જાપસુ, રોગ સબી મીટ જાય;
ચેતન પાર્શ્વ નામકો, સમરો મન ચિત લાય. ૧૫

ચોપાઈ.

મન ચિતસુ સમરો ભગવાન, ભય ભંજન ચિંતામણી ધ્યાન;
ભુત પ્રેત ભય ભાગે દુર, જાપ જપે સુખ સંપતિ પૂર. ૧૬
ડાકીણ શાકિણ વ્યંતર દેવ, ભય નહીં લાગે પાર્શ્વ સેવ;
જળચર થળચર ઉરપર જીવ, ઇનકો ભય નહીં સમરો પીવ. ૧૭
વાઘ સિંઘકો ભય નહીં હોય; સર્પ ગોહ આવે નહીં કોય;
વાટજ ઘાટમેં રક્ષા કરે, ચિંતામણી ચિંતા સબ હરે. ૧૮
ટોણાં ટામણ જાદુ કરે, તુમારો નામ લેતાં સબ ડરે,
ઠગ ફાંસીગર તસ્કર હોય, દાવી દુસ્મન દુષ્ટ જે કોય. ૧૯
ભય સબ ભાંગે તુમારે નામ, મન વંછિત પુરો સબ કામ;
ભય નિવારણ પુરે આશ, ચેતન જપ ચિંતામણી પાસ. ૨૦

દુહા.

ચિંતામણી કે નામતે, સકળ સીધવે કામ
રાજ રિધ્ધિ રમણી મિલે, સુખ સંપતિ બહુ દામ ૨૧
હય ગય રથ પાયક મિલે, લક્ષ્મિકો નહીં પાર;
પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શીવ દરબાર. ૨૨
ચેતન ચિંતા હરનકો, જાપ જપે તીન કાલ;
કર આયંબીલ ખટ માસકો, ઉપજે મંગલ માલ. ૨૩
પાર્શ્વનામ પ્રભાવથી, વાધે બલ બહુ ગ્યાન;
મન વંછિત સુખ ઉપજે, નીત સમરો ભગવાન. ૨૪
સંવત અઢારા ઉપરે, સાડત્રીશકો પરિમાણ;
પોશ શુકલ દીન પંચમી, વાર સનિશ્ચર જાણ. ૨૫
પઢે ગુણે જો ભાવસુ, સુણે સદા ચિતલાય,
ચેતન સંપતિ બહુ મિલે, સમરો મન વચકાય. ૨૬

શ્રી શાંતીનાથનો છંદ.

સારદા માય નમું શીર નામી, હું ગુણ ગાઉં ત્રિભુવન કે સ્વામી;
શાંતી શાંતી જપે સબ કોઈ, તા ઘર સંત શદા સુખ હોય; ૧
શાંતી જપીને કીજીએ કામ, શોઇ કામ હોયે અભીરામ;
શાંતી જપી પરદેશ સધાવે, તે કુશળે કમલા લઇ આવે; ૨
ગર્ભ થકી પ્રભુ માર નીવારી, સાંતીજી નામ દીયો માય તારી;
જો નર શાંતી તણા ગુણ ગાવે,તે નર રિધ્ધિ અચિંત પાવે; ૩
જા નરકુ પ્રભુ સંત સખાઇ,તાનરકુ કછુ આરત નાંહી;
જો કછુ વંછે શોહુજ પુરે, દુખ દાળીદ્ર મથા મત ચુરે; ૪
અલક નિરંજન જોત પ્રકાસી, ઘટ ઘટ કે પ્રભુ ભિતર વાસી;
સ્વામી સ્વરૂપ કહો નવી જાય, દેખી મોહ મન અચરજ થાય; ૫
ડારદીઆ સરવે હથિઆર, જીત્યા મોહ તણા દળ સારા,
નારી તજી સોવ શું રંગ રાચો, રાજ તજ્યો પણ સાહેબ સાચો ૬
મહા બળવંત કહી જે દાવ, કાયર કુંથુ એક હણેવા
રિધ્ધી શિયલ પ્રભુ પાસ લહી જે, ભિક્ષા ચારી નામ કહી જે. ૭
નંદક પુજક હે સમ ભાયક, પણ સેવકકુ સદા સુખદાયક;
તજી પરિગ્રહ હુવા જુગ નાયક. નામ જતી સેવા વીધ લાયક, ૮
શત્રુ મિત્રુ સમ ચિત ગણી જે નામ દેવ અરિંહત ભણી જે;
સકલ જીવ હેતવંત કહી જે; સેવક જાણીને મહાપદ દીજે. ૯
શાહુર જે શાહેબ ગંભીરા. દુઃખ નહીં મહી એક શરીરા;
મેરૂ અચળ જેમ અંતરજામી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી. ૧૦
લોક કહે જીનજી સબ દેખે, પણ સુપન તરક બહુ ન પેખે;
રીસ વીના બાવીશ પરિશા, શન્યા જીતો તે જગદીશા. ૧૧
માન વિના જગ આણ મનાવી, માયા વિના શીવ શુલ વલાઇ;
લોભ વિના ગુણ રાશ ગ્રહીજે, ભિક્ષુ ભાવે ત્રગડો સેવીજે; ૧૨
નિગ્રંથપણે શિર છત્ર ધરાવે, નામ જતી પણ ચમર ઢલાવે;

અભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિ દારણ ૧૩
શ્રી જીનરાજ દયાગ ભણી જે, કર્મ શર્વેકો સુલખણીજે;
ચોવીસ શંઘે તિરથ થાપે. લછી ઘણી દેખે પણ નાપે. ૧૪
વિનયવંત ભગવંત કહાવે, નાંઇ કોઇકુ શિશ નમાવે;
અકંચનકો બિરૂદ ધરાવે સોવન પંક ન્યાય ઠહાવે. ૧૫
તજી આરંભ નિજ આતમ ધાવે, શિવરમણીકો સાથ ચલાવે;
રાગ નહીં પણ શેવક તારે. દ્વેખ નહીં નિગુણ શંગ વારે. ૧૬
તેરો મહીમા અદભૂત કહીજે, તેરા ગુણકો પાર ન લીજે;
તું પ્રભુ સમરથ સાહિબ મેરો, હું મન મોહન શેવક તોરો. ૧૭
તુંહી ત્રિલોકો તણો પ્રતિપાળ, હું છું અનાથને તું છું દયાળ;
તું શરણાગત રાખણ ધીર, તું પ્રભુ તારણ છું વડ વીર. ૧૮
તુંહી જેશો મારો ભાગ જપાયો, તો મેરો કાર્જ ચડોરે સવાયો;
કરજોડી પ્રભુ વિનવું તમસું, કરો કૃપા જીનવરજી મોસુ. ૧૯
જન્મ મરણકા ભય નિવારો, ભવશાહરથી હેલ ઉતારો;
શ્રીકુંથિણાંપુર મંડણ સોહે, નાશ્રી શાંત સદા મન મોહે. ૨૦
પદમ ગુરૂ શુરિરાઅ પશાએ, શ્રીગુણ સાગર કહે મન મોએ;
જે નર નારી એક ચિતશુ ગાવે, તે મન વંછિત ફળ નીશ્ચય પાવે.૨૧

———oOo———

સોળ સતીઓના નામ.

આદિનાથ આદ વીરજીને વંદી, સફળ મનોરથ કીજીએ
પ્રભાતે ઉઠીને મંગલીક કામે, સોલ સતી નામ લીજીએ, ૧
બાળ કુંવારી જગ હેતકારી, બ્રાહ્મી ભરથની બેનડીએ;
ઘટઘટ વ્યાપીક અક્ષર રૂપે, સોળ શતીમાં જે વડીએ. ૨
બાહુબળ ભગની શતી શિરોમણી, સુંદરી નામે રિખભ સુતાએ;
અગસરૂપી ત્રિભુવન માંહી, જેહ અનોપ ગુણ જોતાએ. ૩

ચંદન બાળા બાળપણેથી, શિયળવંતી શુધ્ધ શ્રાવિકાએ;
અડદના બાકુળા વીર પ્રતિલાભ્યા, કેવળ લહી વ્રત ભાવિકાએ. ૪
ઉગ્રસેન ધુઆ ધારણીનંદન, રાજેમતી નામ વલ્લભાએ;
જોબન વેશે કામને જીતી, સંજમ લઈ દેવ દુલ્લભાએ. ૫
પચ ભરથારી પાંડવ નારી, દ્રૌપતી તનઆ વખાણીએએ;
એકસો આઠે ચીર પુરાણાં, શિયળ મહિમા તસુ જાણીએએ; ૬
દશરથ નૃપની નારી નીરોપમ, કૌશિલા કુળ ચંદ્રિકાએ;
શિયળ શલુણી રામ જનેતા. પુન્ય તણી પ્રનાલીકાએ. ૭
કોશંબીક ઠામે સંતાનિક નામે, રાજ કરે રંગ રાજીઓએ;
તશઘર ઘરણી મૃગાવતી સતી, સુરભવન જસ ગાજીઓએ. ૮
સોળસા સાચી શિયળે ન કાચી, રાચી નહીં વિખયા રશએ;
મુખડુ જોતાં પાપ પુલાએ, નામ લેતાં મન ઉલ્લસેએ. ૯
રામ રઘુવંશી તેહની કામની, જનક સુતા સીતા શતીએ;
જગ સહુ જાણો ધીરજ કરતાં, અનળ શીતળ થયો શિયળથીએ ૧૦
કાચે તાંતણે ચારણી બાંધી, કુવા થકી જળ કાઢીઆએ;
કલંક ઉતારવા સતી સુભદ્રા, ચંપા બાર ઊઘાડીઆએ. ૧૧
સુરનર વંદીત શિયળ અખંડિત, શીવા શીવપદ ગામનીએ;
જેહુને નામે નિર્મળ થઈએ, બલ્લહારી તસ નામનીએ. ૧૨
હસ્તિનાગ પુરે પંડુરાયની, કુંતા નામે કામનીએ;
પાંડવ માતા દશે દશારની, બેની પતિવૃતા પદમનીએ. ૧૩
શિયળવંતી નામે શિળવંતા ધારણી, ત્રવધે તેને વંદીએએ;
નામ જપંતાં પાતક જાએ, દર્શન દુરતન કંદીએએ. ૧૪
કાકંડી નગરી નળ નરદની, દમયંતી તશ ગેહનીએ;
સંકટ પડે શિયળજ રાખો, ત્રિભુવન કિર્તિ તેહનીએ. ૧૫
અનંગ અજીતા જગ જન પુજીતા, પુફચુલાને પ્રભાવતીએ;
વિશ્વ વિખ્યાતા કામિતદાતા સોળમી સતો પદમાવતીએ. ૧૬
વીરે દાખી શાસ્ત્રે શાખી, ઉદય રતન ભાસે મુદાએ;
વાણુલોવાતાં જે નર ભણશે, તે લેશે સુખ સંપદાએ. ૧૭

સુભદ્રાની સજ્ઝાય.

મુનીવર સોધેરે ઈરજા, જીવના જતન કરંત
તરણું ખુત્યું આંખમાં, નયણે નીર ઝરંત. ૧
કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો, આંગણે ઉભોરે; જેહ;
જીભે તરણું કાઢીયું, સાસુને પડોરે સંદેહ ૨
તે સજ્જનસું કીજીએ, જેણે કુળ લાગે લાજ;
પુત્ર વહુ સોના સમી, નહીં અમારે કાજ. ૩
ગુણ વિણસી ગુણ લાકડી, ગુણ વિણ નાર કુનાર,
મન ભાંગો ભરતારનો. નહીં અમારે ઘરબાર, ૪
મીઠ વચન શ્રવણે સુણી, સતી મન ચિંતવે એમ;
જીન ધર્મ કલંક જાણી કરી, કાઉસગ કીધોરે તેમ. ૫
ઇંદ્ર તણું આસન ચળ્યું, સતી શિર આવ્યુરે આળ;
પોળ જડાવું નગરની. તોરે ઉતરશે ગાળ. ૬
ભુંગળતો ભાંગે નહીં, ઘણુ ન લાગે ઘાય-
ચંપા પોળ ન ઉઘડે, આકુળ વ્યાકુળ થાય. ૭
આકાશે ઉભા દેવતા, બોલે એહુવારે બોલ,
સતી જલ સીંચે ચારણી, તોરે ઉઘડશે પોળ. ૮
રાજા મન આણંદીઓ, નગર ઘણીછે નાર;
અંતે ઉરછે માહરો, સતીય સિરોમણી સાર. ૯
અંતે ઊર કીધું એકઠું, કૂવા કાંઠે નહીં માગ;
કાચે તાંતણે ચારણી, ત્રુટી જાયે ત્રાગ. ૧૦
અંતે ઉર થયુ દયામણું, રાજા થયોરે નિરાશ;
માટીપણું મનમાં રહ્યું, ધિગ વળ્યો ઘર વાસ. ૧૧
નગરી પડો વગડાવીયો, વસ્તી દીસે હેરાન;
પ્રજાને પીડા ઘણી, કોઇ દીયે જીવતદાન. ૧૨
પડો આવ્યો ઘર આંગણે, નગરી હાલકલોલ;

જો માતા અનુમત દીઓ, તોહું ઊઘાડું રે પોળ. ૧૩

વળી વળી બહુ'ર સું કહું, નહીં નિર્લજને લાજ;
નવકુલ નાગ નાશી ગયા, આવ્યું કાકીડે રાજ. ૧૪

દાશ તે દીજે કર્મને, કળંક ચઢાવ્યુ રે માય;
પડો છબી ઉભી રહી, જઇ સંભળાવ્યો રાય. ૧૫

વેગેને ગઇરે વધામણી, રાજા નહીં વિશ્વસ;
પ્રતક્ષ જુઓ એ પારખું, જઇ કરો તપાસ. ૧૬

સુખાસન બેશી કરી, આવી જીહાં છેરે કુંપ;
વદન પુનમનો ચંદલો, દખી હરખ્યો ભુપ. ૧૭

રાજા મંન આણંદીયો, હૈડે હરખ ન માય,
પ્રજાને પીડા ઘણી, સાર કરો મોરી માય. ૧૮

અવર પુરૂષ બંધવ પિતા, સતી મન કામા સોય;
માનવ સહુ મેડીયે ચડી, સતી જુએ સહુ કોય. ૧૯

કાચે તાંતણે ચારણી, સતી કલા ચઢી સોલ;
કામની કુંપ જલે ભરી, ઊઘાડી ત્રણ પોળ. ૨૦

કોઈ પીયર કોઇ સાસરે, કોઇ હોશે માને મોશાળ;
ચોથે પોળ ઉઘાડશે, જે હોશે શિયળ ચોસાલ. ૨૧

ચોથી પોળ ઉઘાડશે, જે હોશે શિયળ નિકલંક;
સુરનર હોજો સાખીયા, સુભદ્રાએ ટાલ્યું કલંક. ૨૨

નાક રહ્યું નગરી તણું, ગામ ઊતારીરે ગાળ;
રાય રાણા પ્રશંશા કરે, સતિય શિરોમણી સાર. ૨૩

નર નારી જે પાળશે, તે તરસેરે સંસાર;
સિદ્ધ તણાં સુખ પામશે, અમર તણો અવતાર. ૨૪

સંઘો કહે શિયળ સતી. મહીલાયે રાખ્યોરે નામ;
વાધણુ કેરાં દુધડાં, રહેશે સોના કેરે ઠામ. ૨૫

ચોવીસ તિર્થંકરના નામ.

પ્રભાતિયું.

શ્રીરીખભ અજીત સંભવ સ્વામી, અભીનંદનજી અંતરજામી;
રાગ દ્વેષદા ક્ષય કરૂણા, વંદુ સોળે જીન સોવન વરણા. ૧
સુમ તજીને સુપાસો, પ્રભુ મુગત ગયા મેટયા ગર્ભાવાસો;
દુર કીયા જન્મ મરણા, વંદુ સોળે જીનસોવન વરણા. ૨
શીતળ શ્રેયાંસ જીનદોએ, પ્રભુજી ચૌદ રાજ રહ્યા જોઈ;
વિમલ સમત નીરમલ કરૂણા, વંદુ સોળે જીન સોવન વરણા. ૩
અનંત નાથજી અનંત જ્ઞાની. જાસું મનરીતો વાત નહીં છાની;
ધર્મજીકો ધ્યાન રૂદે ધરૂણા; વંદુ સોળે જીન સોવન વરણા. ૪
શાંતીનાથજી સાતાકારી, કુંથુ નાથજીરી જાઊં હું બલહારી;
અરનાથ આતમ ઉધ્ધરણા, વંદુ સોળે જીન સોવન વરણા. ૫
મહિમા ઘણી મલી નાથ તણી, મહાવીરજી હુવા સાસન ઘણી;
મે ઝાલ્યા જારાં ચરણા, વંદુ સોળે જીન સોવન વરણા. ૬
પ્રભુરો સરીર સંપદા સુંદર સોહે, નીરખંતા નયન તુરત મોહે;
ચતુરાં રાતો ચીત હરણા, વંદુ સોળે જીન સોવન વરણા. ૭
પ્રભુજીની દીપ દીપ રહી દેહી, જાને સુરનર નીરખ રહ્યા કેઈ;
આંખ્યાતો હુઇજાવે અમી ઝરણા, વંદુ સોળે જીન સોવન વરણા. ૮
પ્રભુજીરો મસ્તક લે પગ નખતાંહી; જારો શરીર વખાણ્યો સુત્ર માંહી:
ચારૂહીસંઘ લેવે શરણાં, વંદુ સોલે જીન સોવન વરણા. ૯
તીન લોકરો રૂપ પ્રભુજીપાયો, બીજો માયડીએ બેટો એસો નહીં જાયો;
ચોમઠ ઇંદ્ર ભેટે ચરણા, વંદુ સોલેજીન સોવન વરણા. ૧૦
એક સમુચે અરજ સુણજો સોલે, રૂષી રાયચંદજી આયો આપરે ઓલે;
મારી આવા ગમણ દુઃખ દુર કરણા, વંદુ સોલેજીન સોવન વરણા. ૧૧
સંવત અઢારસે ત્રીસે બરશે. કીયો નાગોર ચોમાસો ભાવ સરશે;
જાંરો ભજન કીયા ભવસાગર તરણાં, વંદુ સોલેજીન સોવન વરણા. ૧૨

પ્રભાતિયું.

પહુ ઉઠી પ્રભાતે વંદુ, પદમ પ્રભુજીના પાયરે પ્રાણી;
વાસુ પુજ્યજી મારા મનમાં વસીયા, મારી કમી ન રહીં કાંયરે પ્રાણી
ઉપજે આનંદ આઠે જીન જપતાં. ૧
એ દોએ જીનવર અવળ બિરાજે, હીંગુલ વરાણાં લાલરે પ્રાણી,
તિર્થ થાપીને કર્મને કાપી, પ્રભુ પાપ કીઆ પેમાલરે. પ્રાણી ઉ૦ ૨
સુભ ભાવનાએ મનમાંરે ભાવ્યે, તો આઠ કર્મ જાયે તૂટરે પ્રાણી;
સુખ સંપદાને લીલ વિલાસો, ભર્યા ભડાર અખૂટરે પ્રાણી ઉ૦ ૩
ચંદ્ર પ્રભુજીને સુવીધી જીણેશ્વર, એ દોએ વર્ણ સફેદરે પ્રાણી;
મોતીઆં સરખી જારી દહીજ દીપે. મુજ દેખતાં અધિક ઉમેદરે પ્રાણીઉ૦ ૪
મુની સુવ્રતજીને નેમ જીણેશ્વર, એદોએ શામળ વર્ણ શરીરે પ્રાણી;
ઈંદ્ર થકી પણ અધિકા દીપે, દીઠે હરખે હૈડાનો હીરરે પ્રાણી. ઉ૦ ૫
મલ્લી નાથને પાર્શ્વ પ્રભુજી, જાણે નીલાતે મોરની પાંખરે પ્રાણી;
નિરખતાતો નયન ઠરે, અમીય ઠરે દોય આંખરે પ્રાણી. ઉ. ૬
રૂપ અનોપમ અવલ બિરાજે, જાણે હીરા જડીયા હેમરે પ્રાણી;
સૂરજથી જેમ સવાયા દીપે, કોણીમાં આવે કેમરે પ્રાણી. ઉ૦ ૭
શીવ નગરી માંહી સાહીબ બેઠા, હું નવી જાણું દૂરરે પ્રાણી;
મુજ મનડામાં વસીયા વાલેશર, હું સમરૂ ઉગમતે સૂરરે પ્રાણી. ઉ. ૮
એ આઠ અરિહંતને આગે, હુંતો અરજ કરૂં કરજોડરે. પ્રાણી;
રૂખી રાયચંદજી કહે મારા મનના, પુરો સઘળા કોડરે પ્રાણી. ઉં. ૯
સંવત અઢારને વર્ષ છત્રીશે, નાગોર શેહેર ચોમાસરે પ્રાણી;
પ્રસાદ પુજ્ય જેમલજી કેરે, મારે હૈડે તે હરખ ઊલાસરે પ્રાણી. ઉ. ૧૦

ooo

સતીઓનું તવન.

દુહા.

સરવે સરખા નર નહીં, સરવ સરખી નહીં નાર;
કેઈ ભુંડા કેઈક ભલા, એમ ચાલ્યો જગ સંસાર. ૧
એક એક નારી એહવી, પહોંચી અતીચલ ઠામ;
નિસ્તારો હોય જીવનો, લેતાં નીત પ્રત્યે નામ. ૨
મોટી મોટી મહા સતી, પાલ્યો શિયલ આચાર;
કષ્ટ પડે કાયમ રહી, પહોંચી મોક્ષ દુવાર. ૩
રયણ કુખની ધારણી, કહી જીનેશ્વર આમ;
આગમ અનુસારે ફરી, કેટલીકના લહુ નામ. ૪

ઢાળ.

સૂણજો સહુ નરનેરે નારી, નારીના ગુણછે ભારી;
ધલ્યારા જે અવગુણ દાખે, પણ સઘળો શુનો એણ વાંખે.
જીહોલાલ સતીયોના નામ રસાળા.. ૧
જારા ઈંદ્ર ચંદ્ર રખવાળા, જારા જાપ જપો જપ માળા;
જેથી લહીએ મંગળમાળા, જેહથી તુટે કર્મની જાળા. જી૦ સ૦૨
રાયકુંભ ધરે મલી જાઈ, છજાન ચલી ધરે આઈ;
પ્રતિબોધીને શિવપુર ચલી, ધન્ય ધન્ય તિર્થંકર મલી. જી૦ સ૦૩
શ્રીમારૂ દેવાજી માતા, પુર્વભવ બાંધી સાતા,
કહી પ્રથમ જીનેશ્વર માયા, ગજ હોદે કેવળ પાયા. જી૦ સ૦ ૪
ચોવિસે જીનની માતા, કહી ત્રિભૂવન વિખ્યાતા;
જેણે એ રૂડા રત્ન પાયા, જેણે જગમાં નામ દિપાયા. જી૦ સ૦૫
શ્રીમહાવીર દેવની માઈ, પુત્ર વંદણને આઇ,
જેણે છોડ દીયા અહંકાર, ધન ધન સતી દેવાનંદા. જી૦ સ૦ ૬
બ્રાહ્મીને સુંદરી બાઈ, બાહુબલ મુનીપે આઇ;
મુનીવર અહંકારમે આયા, દ્રષ્ટાંત દેઇ સમજાયા. જી૦ સ૦ ૭

અગ્ર મુખી કસ્નની આઠ, લહી મુગત નગરની વાઠ
જેણે છોડયો.અથીર સંસાર, જેણુ લીધો શંજમ ભાર. ૭૦ સ૦ ૮
શ્રેણિક રાજાની રાણી, મન માંહી વૈરાગજ આણી;
તપસ્યાએ કાયા ખખર કીધી, તેતો કરી સંથારો સીધીજી. સ૦ ૯
ચેડા નૃપની પુત્રી સાત, જેનો જગમાં જશ વિખ્યાત;
સતી હુઇ ધર્મની જાણ, સાતેનેરે વીર વખાણ. ૭૦ સ૦ ૧૦
ઇખુકાર લોભ મને આણી, ભગુનો ધન લીએ તાણી
જેણે હેતજગતસુ જાણી, પ્રતિબોધ્યો કમળાવતી રાણી. ૭૦ સ૦૧૧
રાયે પુત્રી ચંદન બાલા, ભોયરે નાખી જડી દીયા તાળા;
શ્રી વીરને પારણા દીધ, સતીએ જગ જશ લીધ. ૭૦ સ૦ ૧૨
મણી રથે જુગ બાહુ માર્યો સરણા દઇ ધણીને તાર્યો,
જેણે શિયર પાલ્યો ધરી નેહા, તેતો મોટી સતી મેણરેહા, ૭૦ સ૦૧૩
નળ ઘરે દમયંતી નારી, જેને રાયેજુંવટામાં હારી,
વળી મેલી વનમોજાર, સતીએ રાખ્યોછે શિયળ આચાર. ૭૦સ૦ ૧૪
શ્રી વીરને વદણ આઇ, ભોજાઇને સાથે લાઈ;
જીણ વાણી સુણી અનુરતિ, સંજમ લીધો સતી જયંતી, ૭૦ સ૦૧૫
ગુફા માંહે ચીર સૂકાવ્યા, દેખી ચૂકયા દેવરમુની રાયા;
જેણે હેત જુગત સુધ જાણી, પ્રતિબોધ્યો તે રાજુલ રાણી. ૭૦ સ૦૧૬
શ્રીરામચંદ્રજીની રાણી, રાવણે આપણેઘરજ આણી.
સતી તિહાં ધીરજ થપાણી, જેણે પાવક કીધો પાણી.૭૦ શ૦ ૧૭
કાચે તાંતણે તાણી, ચાલણી જળ કાઢયો આણી;
ચંપાનગરીની પોલ ખોલાણી, ધનસતી સુભદ્રા કેવાણી. ૭૦સ૦૧૮
ભાવદેવ ચારિત્રથી ચુકયો, મહીલા સાથે મન ઢુકયો;
નાગીલાએ મુનીવરને પાળ્યો, પોતે શિઅળ અખંડીત પાળ્યો.
૭૦ સ૦ ૧૯
પાંચે પાંડવની નારી, દ્રુપદીને લઈ ગયો ઉપાડી;

સતી સીયળ પાળીને સિધ્યા, છઠ છઠ આંબીલ તપ કીધી.
ભ૦ સ૦ ૨૦

વિજય શેઠને વિજયા શેઠાણી, ગુપ્ત શિયળ પાળ્યો ધર્મ જાણી;
પ્રગટ હુવે તવ સંજમલાધો, જેણે આતમ કારજ સીધો.ભ૦સ૦૨૧
રાય હરચંદ રાણી તારા; વેચાણી નગર મુરા;
વિપ્ર વિખય વચન તિહાં બોલે, સતી કષ્ટ પડે સત તોલે.ભ૦સ૦૨૨
દેવકી નૃપ કૃષ્નની માયા, જેણે આઠે રત્ન નિપાયા;
દીપે તેજ પ્રતાપ શવાયા, જેના સુત્રે નામ લખાયા. ભ૦સ૦ ૨૩
જંબુકુવરની નારી, આઠે કથાચિતમેં ધારી;
આઠે મળીને મતો કીધો, પીઉ સંગે સંજમ લીધો. ભ૦ સ૦ ૨૪
કેઈક એણે ભવે સિધી, કેઈક શુરપદવી લીધી;
કેઈક તિર્થંકર થાસે, અંતે શરવે મુગતે જાસે. ભ૦ સ૦ ૨૫
એણેજ ગમે નહોતજો નારી, તો કેમ કરત સંસારી;
વીર કહી ગયાછે ત્યાગા જે કોઈ જીન સાસનનારાગી. ભ૦સ૦ ૨૬
નારીછે શિયળ નિધાન, દાનાદિકે ગુણે પ્રધાન;
સઘળી સરખી નહી થાંય, કેઈક મોટી શતી કહેવાય. ભ૦ સ૦ ૨૭
ધન્ય ધન્ય જે શિયળ પાળે, નિજ આતમને અજવાળે.
કહેકવીયણ શિયળ ગુણ ગાયા, હોજો સંઘને તેજ સવાયા.ભ૦સ૦ ૨૮

પુજ કહાનજી સ્વામીની લાવણી.

તુમે સેવો શુગરૂ શુભ ધ્યાન, મનોહર મારા;
સુખ આનંદના કરનાર, પાપ હરનારા ૧
મુનીરાજ ગુણ સમુદ્ર, ભજો તુમભાઈ;
ગુરૂવિના જગતમાં, નહીં સત્યસખાઈ. ૨
કહાનજી સ્વામી સુખકારૂ જગતના બંધુ;

ગીરવાને ગંભીર, શુમતીના સીંધું ૩
સ્વપરમત કેરા જાણ, અતિ કરૂણલા;
વળી કૃપારશે ભરપુર, વહેજયું નાળા. ૪
જશ ઉપદેશે જગજંતુ, તર્યા ભવ અબધિ;
તુમ શરણે આવ્યા જેહ, કુમતિ તશદબધિ.૫
હુવા પંચમહાવ્રત ધાર, જગત ઉદાસી;
જ્ઞાની ગરૂની શંગ તોડી, ભવરાશી. ૬
સીદ્ધાંત પ્રાણીત શુદ્ધ ધર્મ, તેને અનુશરતા,
કરતા જીનકેરો જાપ, પાપથી ડરતા. ૭
કંચનને કામની દાઇ, તજયાં જેણે છતાં;
પાખંડી જીત્યા બહોત; શીદ્ધાંતે તે રત્તા. ૮
પુજ સાહિબ કેરા, જાપ જપુ દીન રાતી;
મારી જ્ઞાનરૂપ શુભ આથવા, લો તુમજાતી, ૯
પુજ્ય હુ શેવક તુમે શામી. ધરો મુજ અરજી;
વદે મલ મુની એમ એહઅછે મુજ અરજી. ૧૦

જાહેર ખબર *

સર્વ જૈન બાંધવોને જાહેર કરવામાં આવે છે કે, અમારા પેહેલા ભાગના પુસ્તકને ઊત્તેજન લીંબડી જૈનશાળા, વઢવાણ શિવીલ સ્ટેશન, અમદાવાદ. કલોલ, વીરમગામ, ભાવનગર, મોરબી જૈનશાળા, પાલણ-પુર, પાટણ, ખંભાત, અમરેલી, બોટાદ. દામનગર, મહુવા, બજાણા, ખેડું, ગોંડળ, માંડવી; રાપુર, અને મુંબાઈના મહારાજ નેમચંદજી એઓ તરફથી મળેલ છે. તેથી તેમનો ઊપકાર માનવામાં આવે છે.

ધોળેરા, વઢવાણ, શાયલા, મુળી, થાન, રાજકોટ, નવાનગર, ધોરાજી; ભુજ, મુંદ્રા, સીધપુર, નાગનેશ, વીંછીઆ, અને પાળીઆદના શ્રાવકો ઉપર મોકલેલા લીષ્ટ વગર ભરવે પાણ પાછાં મોકલ્યાં નહીં તેથી હું દલગીર છુ.

ત્રી. ઊ. શાહ.

અગત્યની સુચના*

આ ચોપડીના લવાજમ નાણા અમને તથા ભાવનગર પોપટ ઉજમ શી શેઠ. ઠે ગોળ બજાર એ બને ઠેકાણે મોકલવાથી અમને પહોચ-શે. પહોંચને માટે ટપાલ ખરચ જાદુ મોકલવું.

આ ચોપડી તથા નાટપેઠ કાગળો લેવામા આવશે નહીં.

ત્રીભોવન ઊમેદ શાહી.